(તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર, લક્ષ્મીપુરા)

લક્ષ્મીપુરા ખાતે ૫૧ કુંડી યજ્ઞ સંપન્ન

ખેડબ્રહ્મા નજીક લક્ષ્મીપુરા ખાતે ચાર દિવસીય ૫૧ કુંડી ગાયત્રી યજ્ઞ યોજાયો હતો. જેમાં ૨૦૦ યજમાનોએ ગાયત્રી હવનનો લાભ લીધો હતો. આ ધાર્મિક પ્રસંગે બ્રહ્મ ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમસ્ત ગ્રામજનોએ લાભ લીધો હતો. ગાયત્રી હવનની સંપૂર્ણ કામગીરી ખેડબ્રહ્મા ગાયત્રી પરિવાર અને હરદ્વારા ગાયત્રી પરિવારના સભ્યોએ સંપન્ન કરાવ્યો હતો.

ધનસુરામાં નિષ્ણાંત સર્જન ડૉક્ટરની ભારે અછત : દર્દીઓ પરેશાન

ધનસુરા, તા. ૧૮

ધનસુરા તાલુકામાં દિન પ્રતિદિન હાર્ટ એટેક, બ્લડપ્રેશર અને ડાયાબિટિશના દર્દીઓનું પ્રમાણ વધી રહ્યું છે અને તાલુકામાં એક પણ નિષ્ણાંત સર્જન ડૉક્ટર ન હોવાને લીધે દર્દીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે ત્યારે હાલ ધનસુરામાં નિષ્ણાંત સર્જન તબીબની તાતી જરૂરીયાત ઉભી થવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર આશરે ૧૦ હજાર લોકોની વસ્તી ધરાવતા ધનસુરા તાલુકામાં છેલ્લા ઘણા સમયથી વિવિધ રોગો જેવા કે હાર્ટ એટેક, બ્લડપ્રેશર દર્દીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થવા પામ્યો છે. ત્યારે ધનસુરામાં કોઈ સુવિધાયુક્ત હોસ્પિટલ કે નિષ્ણાંત સર્જન તબીબ ન હોવાથી દર્દીઓને ધનસુરાથી ૨૦-૨૫ કિ.મી. દૂર મોડાસા અથવા બાયડ લઈ જવામાં આવે છે. જ્યાં અનેક વાર માર્ગમાં મૃત્યુ થઈ જવાના બનાવો પણ બની રહ્યા છે.

તો બીજી તરફ ધનસુરાની સરકારી સિવિલ હોસ્પિટલમાં પણ નિષ્ણાંત સર્જન તબીબ ન આવતા હોવાથી ગરીબ દર્દીઓએ ના છૂટકે ખાનગી દવાખાનાનો આશરો લેવો પડે છે. ત્યારે ધનસુરા નગરમાં સત્વરે વિવિધ રોગના નિષ્ણાંત સર્જન તબીબનીને મુકવામાં આવે તેમ સ્થાનિક નાગરિકો ઈચ્છી રહ્યા છે.

ડીસામાં કોંગ્રેસની બેઠક મળી

તાજેતરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીઓના પરિણામને ભુલી જઈ આવનારી લોકસભાની ચૂંટણી માટે મજબુત બનવા માટે ડીસા શહેર અને તાલુકા કોંગ્રેસ કાર્યકરોની એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કોંગ્રેસના અગ્રણી ગોવાભાઈ રબારી, પી.વી. રાજગોર, પ્રકાશ ભરતીયા, શહેર પ્રમુખ દિપકભાઈ પટેલ, અજમલજી ઠાકોર, પ્રકાશભાઈ ઠક્કર, મહમદ ખોખર, જ્યોત્સનાબેન બારોટ, દિવ્યાબેન પંચાલ, પોપટજી ઠાકોર સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને બનાસકાંઠા અને ડીસા તાલુકામાં ભાજપના ભ્રામક પ્રચાર અને વિકાસની વાતોને જડબાતોડ જવાબ આપવા હાકલ કરી હતી. (તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

ડીસાનાં રીજમેન્ટ વિસ્તારમાં આવેલ સ્મશાન જવાનાં રસ્તાનાં દબાણો તોડી પડાયા

ડીસા, તા. ૧૮

ડીસા શહેરમાં ગેર કાયદેસર દબાણો હટાવવાની અનેક રજુઆતો વચ્ચે પાલિકા દ્વારા ગતરોજ ડીસાનાં ત્રણ હનુમાન મંદિર પાસે આવેલા સ્વામી નારાયણ મંદિરનો કોટ તોડી પડાયા બાદ બુધવારનાં રોજ રીજમેન્ટ વિસ્તારમાં આવેલ સ્મશાન જવાનાં રોડ પરનાં તમામ દબાણો તોડવાની કાર્યવાહી ડીસા નગરપાલિકા દ્વારા કરવામાં આવી હતી.

ડીસા શહેરમાં ગેર કાયદે સરકારી જમીનો કે જાહેર રસ્તાઓ પર અનેક નાના-મોટા દબાણોનો રાફડો ફાટ્યો છે. ત્યારે ડીસા નગરપાલિકા દ્વારા આવા દબાણો દુર કરવાની કામગીરી હાથ ધરી છે. જેમાં ડીસાનાં રીજમેન્ટ વિસ્તારમાં આવેલ સ્મશાન ગૃહમાં જવાનો રસ્તો જેતે વખતે ૨૦ ફુટ પહોળો બનાવાયો હતો તેમજ ૩ ફુટની ગટર એમ ૨૩ ફુટ પોહળો રસ્તો બનાવ્યા બાદ આ રસ્તા પર રહેતાં લોકોએ ૧૦ થી ૧૨ ફુટનો રોડ કરી નાખેલ ત્યારબાદ સ્મશાન ગૃહમાં આવતાં નગરજનોને તકલીફ પડતાં ડીસા પાલિકાને રજુઆત કરાતા પાલિકા દ્વારા દબાણ શાખાની ટીમ સાથે આ રસ્તા પરનાં તમામ કાચા પાકા દબાણો તોડી પાડ્યા હતાં અને રસ્તો પહોળો કરવાની કામગીરી હાથ ધરી હતી. આ દબાણો તોડાતાં દબાણ દારોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

લક્ષ્મીપુરાની યુવતી ગુમ થતાં બે વિરૂધ્ધ ફરિયાદ

ખેડબ્રહ્મા, તા. ૧૮

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામની યુવતીને ગામનો ઈસમ ભગાડી જતા બે શખ્સ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

લક્ષ્મીપુરા ગામની ૧૬ વર્ષીય દિકરીને તા. ૩-૧૨-૧૩ના રોજ લક્ષ્મીપુરા ગામના શૈલેષભાઈ ઈશ્વરભાઈ ખોખરીયાએ લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી ભગાડી ગયો હતો. જેની શોધખોળ કરવા છતાં ન મળી આવતા તા. ૧૮-૧૨-૧૩ના રોજ ભીખાભાઈએ શૈલેષભાઈ અને પ્રકાશભાઈ છગનભાઈ સોનાગરા વિરૂધ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.

મશીનમાં ઓઈલીંગ કરવા જતાં મજૂરનો હાથ કપાયો

એકાએક બનેલી આ દુર્ઘટનાના પરિણામે અન્ય મજુરોમાં પણ ફફડાટ વ્યાપી ગયો : મજુરને હોસ્પિટલમાં ખસેડાયો

અમદાવાદ, તા.૧૮

શહેરના નહેરૂનગર વિસ્તારમાં આજે એક હૃદય દ્રાવક ઘટના બનવા પામી હતી. જેમાં મજુરી કરીને પેટીયુ રળતો ગરીબ મજુરનો હાથ સિમેન્ટ કોન્ક્રીટ ભેગુ કરનારા મશીનમાં આવી ગયો હતો. એકાએક બનેલી આ દુર્ઘટનાના પગલે અન્ય મજુરોમાં પણ ફફડાટ વ્યાપી ગયો હતો. જો કે આ દુર્ઘટનાની જાણ તાત્કાલીક ફાયરબ્રીગેડના જવાનોને કરતાં ગણતરીની મિનિટોમાં ફાયરના જવાનો પહોંચી જઈને મશીનમાં ફસાયેલા મજુરના હાથ કાટી નાંખ્યો હતો અને તાત્કાલીક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેને સારવાર અર્થે વી.એસ. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, નહેરૂનગર વિસ્તારમાં આવેલ એક મકાનમાં કન્સ્ટ્રકશન કામ ચાલતું હતું દરરોજની માફક કાળુભાઈ નામના વ્યક્તિ સિમેન્ટ કોન્ક્રીટ ભેગું કરનારા મશીનને ચાલુ કરીને તેમાં ઓઈલીંગ કરી રહ્યા હતા ત્યારે એકાએક જ તેમનો હાથ મશીનમાં આવી ગયો હતો. કાળુભાઈ સાથે બનેલી આ દુર્ઘટનાની જાણ તાત્કાલીક ફાયરબ્રીગેડને કરતાં જવાનોએ ભારે જહેમત બાદ કાળુભાઈના હાથ મશીનમાંથી કાટી નાંખ્યા હતા અને તરત જ કાળુભાઈને સારવાર અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સમાં વી.એસ. હોસ્પિટલમાં મોકલી આપ્યા હતા.

(તસવીર : રમેશ વૈષ્ણવ)

ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં ધાબળાનું વિતરણ કરાયું

ખેડબ્રહ્મા ખાતે ભારતીય વિકાસ પરિષદ ઈસનપુર શાખા દ્વારા ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં વનવાસી વિસ્તારના લોકોના લાભાર્થે ભારતીય વિકાસ પરિષદ દ્વારા બુધવારના રોજ ધાબળા, કાનપટ્ટી અને બિસ્કીટ વેફરનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં જનરલ હોસ્પિટલમાં દાખલ દર્દીઓને ૧૨૦ ધાબળા આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે ભારતીય વિકાસ પરિષદના તુષાર ગાંધી, દિલીપ પટેલ અને જનરલ હોસ્પિટલના ડૉ. બી.એમ. ઔદીચ્ય સહીત સ્ટાફના કર્મીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

ટ્રાફિકમાં હજુય ૧૪૦૦ ટ્રાફિક પોલીસની ઘટ છે

શહેર ટ્રાફીક વિભાગ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વધતી ટ્રાફીક સમસ્યાને હલ કરવા ગીચ ટ્રાફીક ધરાવતા જંક્શનો પર સેન્સર, સીસીટીવી કેમેરા લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે પરંતુ ટ્રાફીક વધવા પાછળની જે મુળ સમસ્યા છે. તેની બાદબાકી કરી દેવામાં આવી છે. ૧૪૦૦ ટ્રાફીક સ્ટાફ ની હાલ અછત છે જે મુળ સમસ્યા છે કેમ કે શહેર હાલ ૧૧૦૦ જણાના ટ્રાફીક સ્ટાફથી કામ લઈ રહ્યું છે. સત્તાધિકારીઓનું ગણિત અભણ વ્યક્તિને પણ સમજાતું નથી. જે મુળ સમસ્યા છે તેના પર કામ કરવાના બદલે અન્ય બાબતો પર સત્તાધીશો ધ્યાન આપે છે.

શહેર પોલીસ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ટ્રાફીક સમસ્યાને હલ કરવા ફાઈબર ઓપ્ટિકલ હબ બનાવવા અર્થે કાર્યરત બન્યું છે. જેમાં શહેરના મહત્વના સ્થળો પર સીસીટીવી કેમેરા ઉપરાંત ગીચ ટ્રાફીક ધરાવતા જંક્શનો પર સેન્સર સીસીટીવી કેમેરા થકી ટ્રાફીક નિયમન કરવામાં આવશે. સત્તાધીશોના આ પ્રોજેક્ટથી ટ્રાફીક સમસ્યા હલ થશે કે નહીં એ તો રામ જાણે પણ હાલ ટ્રાફીક વધવાનું સૌથી મોટું કારણ હોય તો તે છે ટ્રાફીકનો અપૂરતો સ્ટાફ... કેમ કે શહેરમાં ટ્રાફીક નિયમન કરવા ૨૫૦૦નો સ્ટાફ જરૂરી છે પરંતુ શહેર ટ્રાફીક પોલીસ પાસે ફક્ત ૧૧૦૦નો ટ્રાફીક સ્ટાફ છે. ૧૪૦૦નો ટ્રાફીક સ્ટાફ ઓછો છે એટલે ટ્રાફીકની જે મુળ સમસ્યા છે તેને સત્તાધીશો તાત્કાલીક હલ કરતા નથી.

રિસરફેશમાં રોડ લેવલીંગનું કામ યોગ્ય ન હોવાની ચર્ચા

રોડ રિસરફેશના કામ માટે રૂપિયા ૧૦૦ કરોડથી વધુની ફાળવણી છતાંય ઘણી ઉદાસીનતા રહી હોવાની ફરિયાદ

અમદાવાદ, તા.૧૮

અમદાવાદ શહેરમાં વરસાદની સીઝનમાં વરસાદને કારણે રૂપિયા ૨.૩૬ કરોડના રસ્તાઓ ધોવાઈ ગયા બાદ મ્યુનિ.કોર્પો.ને તે રસ્તાઓનું રિસરફેશ કરવાનું ચાલુ કરી દીધું છે. અમદાવાદ મ્યુનિ. કોર્પો.ને રોડ રિસરફેશના કામો માટે ૧૦૦ કરોડથી વધુ રૂપિયાનું બજેટ ફાળવ્યું છે. જેમાંથી રોડ રિસરફેશ કરવામાં આવી રહ્યું છે. પરંતુ રોડ રિસરફેશરમાં રોડનું લેવલીંગ કરવું જોઈએ તે કરવામાં આવતું નથી.

રિસરફેશ કામ માટે ૧૦૦ કરોડથી વધુ રૂપિયાનું બજેટ ફાળવ્યું પણ હજુ અસરકારક કામગીરી દેખાઈ રહી નથી પરંતુ વારંવાર રોડ રિસરફેશની પાછળ કરોડો રૂપિયા ખર્ચવામાં આવે છે. શહેરમાં બીજી બાજુ જ્યાં રિસરફેશ કામો કરવામાં આવ્યા છે ત્યાં ઠેકાણા વગરના એટલે કે ઢંગઢડા વગરનું કામ કરવામાં આવ્યું છે. જેમાં રામેશ્વર, ઘોડા કેમ્પથી ડફનાળા તરફનો રસ્તો, સૈજપુરથી હુબેરનગર તરફનો રસ્તો અને વિકેટ બસ સ્ટેન્ડથી રામેશ્વર સુધીના આ દરેક રસ્તા ઉપર ગરીબ પ્રજા રહેતી હોવાથી કે જેને રોડ રિસરફેશના કામની ખબર ન પડતી હોય ત્યાં ગમે તેમ કરીને ઠેકાણા વગરનું કામ કરવા ખાતર કરી દેવાયું છે જ્યારે શાહીબાગ વિસ્તારમાં દધીચીથી પોલીસ કમિશ્નરની ઓફિસ સુધીનો રસ્તો સારો બનાવવામાં આવ્યો છે પણ રસ્તા વચ્ચે આવતી ગટરલાઈનોના ઢાંકણાનું ચણતરનું કામ ઢંગઢડા વગરનું કરવામાં આવ્યું છે જ્યાં નવેસરથી રોડ બનાવવાની જરૂર છે ત્યાં પછાત એવી ગરીબ પ્રજા રહેતી હોવાથી કોન જોવા આવશે તેવું માનીને અમુક જ જગ્યામાં રોડ રિસરફેશ કરવામાં આવે છે.

ખેડબ્રહ્મા તાલુકાના ઊચિધાન ગામની એચ.કે. પટેલ હાઈસ્કૂલ સંલગ્ન એન.એમ. પરમાર પ્રાથમિક શાળાના બાળકોએ બુધવારના રોજ શહેરની વિવિધ સરકારી, અર્ધસરકારી કચેરીઓની મુલાકાત લઈ કચેરીઓમાં થતી કામગીરી વિશે માહિતી મેળવી હતી. શાળાઓના અભ્યાસમાં રૂબરૂ મુલાકાત લઈ શિક્ષણ મેળવવાના પ્રોગ્રામમાં ધોરણ-૫ થી ૮ ના ૮૩ બાળકોએ કોર્ટ, મામલતદાર કચેરી, નગર સેવા સદન, જનરલ હોસ્પિટલ વિગેરે કચેરીઓની મુલાકાત લીધી હતી. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ડીસા તાલુકા હેલ્થ કચેરી ખાતે પી.આઈ.પી. વર્કશોપ યોજાયો

ડીસા, તા. ૧૮

ડીસા ખાતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તાલુકા કક્ષાનો પી.આઈ.પી. બજેટ વર્કશોપ યોજાયો હતો.

સમગ્ર જિલ્લા અને તાલુકામાં આરોગ્યલક્ષી સેવાઓનો ઘેર-ઘેર જઈ વ્યાપ વધારવો તેમજ સરકારની તમામ આરોગ્યલક્ષી સહાયથી દરેક જરૂરીયાતમંદ લાભાર્થી લાભ મેળવી શકે તેવા ઉદેશથી આ વર્કશોપમાં જાગૃતિ અભિયાન પર ભાર મુકાયો હતો. ડીસા ખાતે યોજાયેલા આ વર્કશોપમાં અધિક જિલ્લા આરોગ્ય અધિકારી આર.આર. પરમાર, પાલિકા પ્રમુખ ડૉ. તેજલબેન તેમજ તાલુકા હેલ્થ અધિકારી ડૉ. ઉમેશ ઝવેરી વિગેરેએ ગામે ગામથી આવેલા સરપંચો, આગેવાનો, મહિલા કાર્યકરો તેમજ આરોગ્યલક્ષી સેવાઓ સાથે સંકળાયેલા કર્મચારીઓને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

ગોઝારીયા અને જોટાણા તાલુકાની કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ

મહેસાણા, તા. ૧૮

જિલ્લા પ્રભારી સચિવશ્રી આર.આર. વરસાણીએ આજે અત્રે જણાવ્યું હતું કે, ગોજારીયા અને જોટાણા તાલુકા નવા અસ્તિત્વમાં આવતા ગ્રામ્યજનોને ઘર આંગણે વહિવટી સુવિધાઓ પ્રાપ્ત થશે અને ગ્રામ્યજનો નાણા અને સમયનો બચાવ થશે.

જિલ્લાના જુદા જુદા તાલુકાઓનું વિભાજન કરી જોટાણા અને ગોઝારીયા તાલુકાની પુનઃરચના કરેલ છે, અને આમ નવા બે તાલુકા કાર્યાન્વીત કરવામાં આવેલ છે.

આ નવા તાલુકાઓની કામગીરીની સમીક્ષા બેઠક આજે પ્રભારી સચીવશ્રી વરસાણીના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં આ બે તાલુકાઓમાં જરૂરી મહેકમો ઉભા કરવા તથા વહિવટી કામગીરી ઝડપી બનાવવા સંબંધે સુચનો કરવામાં આવ્યા હતા.

આ નવા રચાયેલા તાલુકાઓમાં ગોઝારીયા તાલુકાનું વડુમથક ગોઝારીયા અને જોટાણા તાલુકાનું વડુમથક જોટાણા રહેશે, જેમાં ગોઝારીયા તાલુકામાં ૨૨ અને જોટાણા તાલુકામાં ૩૩ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે.

આ બેઠકમાં નવા તાલુકાઓમાં મામલતદાર અને ટી.ડી.ઓ.ની નિમણૂંક, રેકર્ડની તબદીલી કરવી, વાહન વ્યવસ્થા, કેડરવાર સ્ટાફની નિમણૂંક તાલુકા પંચાયતના સ્થળ અને મકાન વગેરે બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રી આર.કે. બેનીવાલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ઠક્કર, જિલ્લા ગ્રામ વિકાસ નિયામકશ્રી બિપિનચંદ્ર ભટ્ટ તથા જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧
ગાંધીનગરસમાચાર

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એકસાકલુસિવ શો-રૂમ
AGL Radhe TILES WORLD ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જુ.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામગ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન